ન્યૂઝ ફોકસ

# સિમ્ફની હવે ક્લાઈમેટ ટેક્નોલોજી હસ્તગત કરશે



આ એક્વિઝિશનથી સિમ્ફની ઓસ્ટ્રેલિયા અને યુએસએમાં ઉત્પાદન અને વિતરણની સુવિધાઓ હાંસલ કરવા અને વૈશ્વિકસ્તરે મહત્ત્વપૂર્ણ આગે કદમ કરવામાં ખૂબ ઉપયોગી બનશે. વિશ્વની સૌથી મોટી એરકુલર ઉત્પાદન કરતી કંપની સિમ્ફની લિમિટેડ (સિમ્ફની અથવા કંપની) (એનએસઈ સિમ્ફની, બીએસઈ ૫૧૭૩૮૫) એ આજે જાહેરાત કરી હતી કે કુલિંગ અને હિટિંગ ઉપકરણો બનાવતી ઓસ્ટ્રેલિયાની અગ્રણી કંપની ક્લાઈમેટ ટેક્નોલોજી પ્રાઈવેટ લિમિટેડ (ક્લાઈમેટ ટેક્નોલોજીસ અથવા સિટી)નો ૯૫ ટકા હિસ્સો ખરીદવાના કરાર કર્યા છે. આ એક્વિઝિશનનો અમલ ૪૦-૪૪ મિલિયન ઓસ્ટ્રેલિયા ડોલર (૨૦૧-૨૨૧ કરોડ ભારતીય રૂપિયા)ના મૂલ્યની રેન્જના અમલ કરાશે. જેનો આધાર નાણાકીય વર્ષ ૧૮ ઈબીઆઈટીડીએ (જૂનમાં પૂરા થતા) વર્ષની સિદ્ધિઓ પર તેનો આધાર રહેશે. આ ઉપરાંત કરારની ક્લોઝિંગ શરતોના આધારે પણ મૂલ્યાંકનમાં વધઘટ થઈ શકે છે. આ એક્વિઝિશન માટે નાણાંની વ્યવસ્થા દેવા અને કંપનીની પોતાની રોકડ ઉપજના મિશ્રણથી કરવામાં આવશે. ક્લાઈમેટ ટેક્નોલોજી એ એડીલેડ દક્ષિણ ઓસ્ટ્રેલિયામાં વડું મથક ધરાવે છે.